Accredited Grade "A" by NAAC (3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મેઈન બિલ્ડીંગ, રાજકોટ(ગુજરાત)

ટેલ.(૦૨૮૧)૨૫૭૮૫૦૧

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ

E-mail : nss.saurashtrauniversity@rediffmail.com


નં એન.એસ.એસ./૧૫૧૨/૨૦૨૧ તા: ૧૭/૮/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/પ્રોગ્રામ ઓફિસરશ્રી.

વિષય : રાષ્ટ્રીય સેવા યોજના 'રિપબ્લિક-ડે' પરેડ યુનિ. લેવલની પસંદગી કેમ્પ અંગે.

શ્રીમાન,

એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા સેવિકાઓ આગામી પ્રજાસતાક દિન-૨૦૨૨ ની પરેડમાં (દિલ્હી ખાતે) ભાગ લેવા જશે. રાજ્યસ્તરીય પસંદગી માટે આપની કોલેજમાંથી મોકલવામાં આવનાર સ્વયંસેવકો તથા સેવિકાઓની પસંદગી તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સૌરાષ્ટ્ર યુનિ. રમત ગમત મેદાન ખાતે યોજાશે. આ કેમ્પમાં પસંદ થયેલ વિદ્યાર્થીઓ રાજ્યસ્તરીય કેમ્પમાં જશે. રાજ્યસ્તરીય કેમ્પ માં પસંદ થયેલ વિદ્યાર્થીઓની પ્રિ.આર.ડી. ટ્રેનીંગ વેસ્ટઝોન માં નક્કી થયેલ સ્થાન પર થશે. ટ્રેનીંગ લીધેલા વિદ્યાર્થીઓએ દિલ્હી મુકામે એક મહિના માટે આર.ડી. કેમ્પ માટે જવાનું રહેશે.

આપની કોલેજ માંથી યુનિટ દીઠ ૨ વિદ્યાર્થીઓની પસંદગી કરી આચાર્યશ્રી તથા પ્રોગ્રામ ઓફિસરના અધિકૃત પત્ર સાથે મોકલશો. પત્ર તથા આઈકાર્ડ વિના આવેલ વિદ્યાર્થી ભાગ લઇ શકશે નહિ. બોયઝ યુનિટ માંથી ૨ સ્વયંસેવક તથા ગર્લ યુનિટ માંથી ૨ સ્વયંસેવિકા એજ આવવાનું રહેશે. ગર્લ યુનિટમાંથી બોયઝ ને મોકલી શકાશે નહિ જો એક યુનિટ હોય તો એક બોયઝ તથા એક ગર્લ મોકલશો. સ્વયંસેવકોએ પાસપોર્ટ સાઈઝના ૨ ફોટો સાથે લાવવાના રહેશે. વિદ્યાર્થી નિયમીત, સક્રિય અને શિસ્તબધ્ધ હોવા જોઈએ. ફાળવેલ સંખ્યા કરતા વધારે મોકલવા નહિ.

નીચે દર્શાવેલ ધારા ધોરણો પરિપૂર્ણ થતા હોય તેનીજ પસંદગી કરવાની રહેશે.

**(એ) પરેડના પસંદગીના ધોરણો :-**

(૧) ગ્રેજ્યુએશન ડીગ્રી લેવલમાંથી જ પસંદગી કરવાની રહેશે.

(૨) એન.એસ.એસ. સ્વયંસેવક તરીકે એક વર્ષ પૂર્ણ કરેલ હોવું જોઈએ તથા અવિવાહિત હોવા જોઈએ

(૩) ઉંચાઈ :- સ્વયંસેવક – ૧૬૫ થી ૧૮૦ સે.મી.
સ્વયંસેવિકા - ૧૫૫ થી ૧૭૦ સે.મી.

(૪)વજન : શારીરિક ક્ષતિ, ઓછું વજન. સ્થૂળતા કે પછી કોઈ પણ પ્રકારની શારીરિક નબળાઈ ન હોવી જોઈએ

(૫) દસ(૧૦) મીનીટમાં ૧.૫ કી.મી. દોડવાની ક્ષમતા હોવી જોઈએ.

(૬) સતત ૨૦ મિનીટની કુચ(માર્ચ પાસ્ટ) કરવાની ક્ષમતા હોવી જોઈએ.

(૭) ૨૫ મીટરના અંતર સુધી કવાયત (પરેડ) ના આદેશો આપી તથા સાંભળી શકતા હોવા જોઈએ.

(૮) ઘૂંટણ થી પગના પંજા સુધીમાં કોઈપણ પ્રકારની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ.

(૯) માર્ચપાસ્ટ (પરેડ)માં આગળ પડતા જાણકાર હોવા જોઈએ.

(૧૦) પ્રિ.આર.ડી. અને આર.ડી. કેમ્પ દરમ્યાન મીલેટરીના અધિકારીઓ દ્વારા સઘન અને સખ્ત ટ્રેનીંગ આપવામાં આવશે તેથી પસંદ કરેલ વિદ્યાર્થી શારીરિક, માનસિક તથા મેડીકલી સાઉન્ડ હોવા જોઇએ તંદુરસ્તી ઘણીજ સારી હોવી જોઈએ.

Accredited Grade "A" by NAAC (3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મેઈન બિલ્ડીંગ, રાજકોટ(ગુજરાત)

ટેલ.(૦૨૮૧)૨૫૭૮૫૦૧

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ

E-mail : nss.saurashtrauniversity@rediffmail.com

**(બી) કલ્ચર કન્ટીજન્સી માટેના ધારા ધોરણો:-**

(૧) સતત ત્રણ વર્ષની સાંસ્કૃતિક ક્ષેત્રની તાલીમ પામેલ અથવા આ ક્ષેત્રમાં યુનિવર્સીટી કક્ષાએ મેડલ કે ઇનામ મેળવેલ હોવા જોઈએ.

(૨) દેશભક્તિ, ભજન, સમૂહગીત, એકપાત્રીય અભિનય, નાટક, લોકનૃત્ય, મિમિક્રી, સંસ્કૃતિક કાર્યક્રમ, વકૃત્વ, ડીબેટ(સમૂહ ચર્ચા) તથા શૈક્ષણિક સત્રમાં ભાગ લઇ શકે તેવા, સંગીતના સાધનો વગાડી સકે તેવી ક્ષમતા અને સમગ્ર રીતે ખાસ બુદ્ધિ પ્રતિભા ધરાવનાર વિદ્યાર્થીઓની જ પસંદગી કરવી.

- પસંદગી થયેલ વિદ્યાર્થી જો પ્રિ.આર.ડી. કેમ્પમાં પસંદ થશે તો આર.ડી. કેમ્પ માટે એક માસની ટ્રેનીંગ માટે જાન્યુઆરી માસમાં દિલ્હી ખાતે જવાનું થશે. તો આ માટે જેઓની તૈયારી હોય તેવા ઉમેદવારની જ પસંદગી કરવી. આ અંગે વિદ્યાર્થી તથા તેના વાલીની સંમતિપત્ર અગાઉથી મેળવી લેવો.
- તેઓ એન.સી.સી. કે સ્કાઉડ ગાઈડના સભ્ય ન હોવા જોઈએ.
- અગાવના વર્ષોમાં ક્યારેય પ્રિ.આર.ડી. કેમ્પ માં ભાગ લીધેલ ના હોવો જોઈએ.

આપની કોલેજમાંથી પસંદ થયેલ સ્વયંસેવક / સ્વયંસેવિકાની યુનીવર્સીટી કક્ષાએ પસંદગી કરવા માટે તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સૌરાષ્ટ્ર યુનીવર્સીટી રમત-ગમતના મેદાન પર અચૂક હાજર થવાનું રહેશે. જ્યાં મેદાન પર પરેડ કરાવ્યા બાદ ઈન્ટરવ્યું પણ લેવામાં આવશે. મોડા આવનારને કોઈ હક્ક રહશે નહિ. પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. તેમાં કોઈપણ વિવાદ ધ્યાનમાં લેવાશે નહિ.

રાજકોટ ખાતે પસંદગી માટે આવવા જવાનું (ટી.એ., ડી.એ.) ખર્ચ આપની કોલેજની રેગ્યુલર એક્ટીવીટી ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે. આ પત્રને ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

પ્રોગ્રામ કો-ઓડીનેટર
એન.એસ.એસ.
રાજકોટ